**ફોજદારી કેસ નં.૬૫૮/૨૦૨૬.**

**જેતપુરના મહે.જયુડિશિયલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ કલાસની કોર્ટ, મુકામઃજેતપુર.**

**આંક–૦૧ તળે હુકમ.**

ફરિયાદીઃ– શ્રી સરકાર.

//વિરુદ્ધ//

આરોપીઃ– યોગેશભાઈ રમેશભાઈ કીડીયા.

ગુનોઃ– ધી ગુજરાત પ્રોહિબિશન એક્ટની કલમ–૬૬(૧)(બી), ૮૫(૧) મુજબ.

**૧.** આ કામે ફરિયાદપક્ષના કેસની ટૂંકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપી ગે.કા. પાસ પરમીટ વગર પીધેલ હાલતમાં મળી આવી, પ્રોહિબિશન એક્ટની કલમ–૬૬(૧)(બી), ૮૫(૧) મુજબનો ગુનો કરેલ. જેથી તે અંગેનું પંચનામું કરી તેઓની ધરપકડ કરવામાં આવેલ અને કાયદેસરની ફરિયાદ કરવામાં આવેલી. તપાસના અંતે આરોપી સામે પુરતો પુરાવો જણાતાં અદાલતમા ચાર્જશીટ કરવામાં આવેલ છે.

**૨.** આરોપીને અદાલત સમક્ષ રજૂ કરતા તેઓને પોલીસ તપાસના કાગળોની નકલ વિના મુલ્યે આપવામાં આવેલ અને તેઓને ગુના અંગે પુછી પ્લી રેકર્ડ કરતાં, તેઓએ ગુનો કબૂલ હોવાનુ જણાવેલ છે. અદાલત તરફથી તેઓને જણાવવામાં આવેલ છે કે, તેઓ ગુનો કબૂલ કરવા બંધાયેલ નથી અને જો તેઓ પોતાના ખર્ચે વકીલ રોકી શકે તેમ ન હોય તો સરકાર તરફથી વકીલ મળી શકે તેમ છે. ત્યારબાદ પણ આરોપી પોતાનો ગુનો કબૂલ હોવાનુ જણાવેલ અને તે અંગે પોતાની સહીથી કબૂલાત પુરસીસ આપેલ છે.

**3.** આરોપીએ એવી રજૂઆત કરેલ છે કે, તેઓ ખૂબ જ ગરીબ વર્ગના છે. તેઓના ઘરમા પોતાના સિવાય કોઈપણ ઈસમ કમાનાર નથી. હવે પછી કયારેય તેઓ કોઈપણ પ્રકારનો ગુનો કરશે નહિ. તેઓએ પોતાને સુધરવાની એક તક આપવા આજીજી કરેલ છે. જેથી દયાભાવ રાખી ઓછી સજા કરવા અરજ ગુજારેલ છે. વધુમાં આરોપીએ જણાવેલ છે કે, સદર ગુનાના કામે કબજે કરવામાં આવેલ મુદ્દામાલનો તેઓ કલેઈમ કરવા માગતાં નથી.

૪. નામદાર વડી અદાલતે ૨૦૦૫(૧) જી.એલ.આર.૭૦૯, *સ્ટેટ ઓફ ગુજરાત* વિરુદ્ધ *નટવર હરીચંદ્ર ઠાકોર*ના કેસમાં સિદ્ધાંત પ્રસ્થાપિત કરેલ છે કે, જો પુરતા અને વાજબી કારણો હોય તો દરેક કેસની હકીકતોને ધ્યાનમાં લઈ નીચેની અદાલતમા કાયદામાં કરેલ જોગવાઈ કરતા પણ ઓછામાં ઓછી સજા અને દંડ કરવાની સત્તા છે. ઉપરોક્ત ચુકાદો આરોપીના કેસને મદદરૂપ થતો હોય તેમ જણાય છે. જેથી આરોપીની સ્થિતિ અને સંજોગોને ધ્યાને લઈ ઓછી સજા અને દંડ કરી તેને સુધરવાની તક આપવા ન્યાયોચિત માની કાયદાએ સુચવેલ ન્યુનત્તમ સજા કરતા ઓછી સજા અને દંડ કરવો જોઈએ તેમ આ અદાલતનું માનવુ છે. જેથી સજા અંગે આરોપીને સાંભળ્યા બાદ ન્યાયના હિતમા નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

## //હુકમ//

- આથી આ કામના આરોપીને બી.એન.એસ.એસ.ની કલમ-૨૬૪ અન્વયે ધી ગુજરાત પ્રોહિબિશન એક્ટની કલમ-૬૬(૧)(બી), ૮૫(૧) મુજબના ગુના સબબ તકસીરવાર ઠરાવી, આરોપીને રૂ.૨૦૦/- (અંકે રૂપિયા બસો પુરા)નો દંડ ભરવાનો હુકમ કરવામાં આવે છે અને જો આરોપી દંડ ન ભરે તો આરોપીને દિન-૦૨ની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

સદરહુ હુકમ આજરોજ તારીખઃ૧૪, માહેઃમાર્ચ, સનેઃ૨૦૨૬ના રોજ સ્પેશિયલ સીટીંગમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તારીખઃ ૧૪/૦૩/૨૦૨૬.

મુકામઃ જેતપુર.

(ધવલકુમાર મીઠાભાઈ પરમાર)

જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ,

જેતપુર.

UIC-GJ01563.